Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :49• Date : 27-03-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### મુખ્યમંત્રી શિવ પંચાયત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા

## વડનગરનું પ્રાચીન હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝગમગી ઊઠશે

વડનગર

વડનગરનું પ્રાચીન હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝગમગી ઊઠશે. આ માટેની સિસ્ટમનું મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું છે. **Vadnagar's ancient Hatkeshwar temple** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના અલગ અલગ હેરિટેજ સ્થળો, પૌરાણિક-ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થાનો તથા જુદા જુદા મોન્યુમેન્ટ્સની વિરાસત જાળવી રાખીને વધુને વધુ પ્રવાસીઓ-લોકોને તેના ઈતિહાસ, સંસ્કૃતિ અને અન્ય મહાત્મયથી પરિચિત કરાવવા "વિરાસત ભી, વિકાસ ભી"નો અભિગમ અપનાવવાની પ્રેરણા આપી છે. ગુજરાત સરકારે આ અભિગમને વડનગરના હાટકેશ્વર મંદિરના નવનિર્મિત લાઈટ એન્ડ સાઉન્ડ શોથી સાકાર કર્યો છે. હાટકેશ્વર મંદિરના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ આ મંદિરના પૌરાણિક ઈતિહાસને સુપેરે જાણી શકે તે હેતુથી ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા રૂપિયા ૫.૫૩ કરોડના ખર્ચે અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ શોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરમાં યોજાઈ રહેલા ત્રિ-દિવસીય મહોત્સવમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોનું લોકાર્પણ તેમજ સુવર્ણ શિખર અને ધ્વજારોહણ તથા નવી નિર્માણ થયેલી યજ્ઞશાળાના લોકાર્પણ કર્યા હતા. આ અવસરે મુખ્યમંત્રી શિવ પંચાયત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તિ ભાવપૂર્વક સહભાગી થયા હતા. તેમજ હાટકેશ્વર મહાદેવનું પૂજન અર્ચન કર્યું હતું અને સુવર્ણ શિખરના દાતા પરિવારોને સન્માનિત કર્યા હતા.




મુખ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વતન ભૂમિ વડનગર પુરાતત્વીય અનુભવાત્મક મ્યુઝિયમ, કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક, બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, થીમ પાર્ક જેવી વિરાસતોને પરિણામે દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હવે આ આકર્ષણમાં વધુ એક નજરાણું પુરાણ પ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવની ગાથા વર્ણવતા અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ શો દ્વારા ઉમેરાયું છે. તેમણે જણાવ્યું કે ગુજરાતના મહત્વપૂર્ણ તીર્થસ્થાનોમાં ગણાતા વડનગર ખાતેના હાટકેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક તેમજ ઐતિહાસિક મહત્વ અજોડ છે.

ભગવાન શિવ સ્વયંભૂ રૂપે પાતાળ લોકમાંથી પૃથ્વી પર પ્રગટ થયેલા હાટકેશ્વર મહાદેવના આ મંદિરનું પુરાતન ઈતિહાસ 'નાગરખંડ' તથા 'સ્કંદ પુરાણ'માં પણ ઉલ્લેખિત છે. નાગર જ્ઞાતિના કુળદેવતા તરીકે જાણીતા હાટકેશ્વર મહાદેવનું આ મંદિર વિશ્વભરમાં આસ્થા માટે આગવું સ્થાન ધરાવે છે. આ પુરાતન મંદિરની શિલ્પકલા વૈભવમય છે, જ્યાં વિશાળ મંડપ, શિલ્પો દ્વારા દર્શાવાયેલ વિષ્ણુના દશાવતાર તથા પાંડવોના અરણ્યવાસથી સંકળાયેલા શિલ્પો દર્શનાર્થીઓનું ધ્યાન ખેંચે છે. આજે પણ દેશ-વિદેશથી નાગર સમુદાય સહિત હજારો ભક્તો દર વર્ષે હાટકેશ્વર મહાદેવના દર્શનાર્થે આવે છે.

મંદિરની આવી પૌરાણિકતા અને ગૌરવમય વારસાને વધુ ઊંડાણપૂર્વક સમજાવવા માટે હવે અહીં પ્રવાસન વિભાગ દ્વારા લાઈટ એન્ડ સાઉન્ડ શોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ શો ભક્તોને હાટકેશ્વર મહાદેવના ઈતિહાસ સાથે જીવંત રીતે જોડશે અને ભક્તિભાવના સાથે તેમની યાત્રાને વધુ મર્મસ્પર્શી પણ બનાવશે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ વર્ષે ૬ લાખ જેટલા લોકો વડનગર ની મુલાકાત લઈને આ નગરના ઐતિહાસિક અને પૌરાણિક મહત્તાથી પરિચિત થયા છે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. વડનગરનું હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શોની સુવિધા ધરાવતું રાજ્યનું સાતમું યાત્રા પ્રવાસનધામ બન્યું છે. રાજ્યમાં સોમનાથ, અંબાજી, શામળાજી અને મોઢેરા જેવા યાત્રાધામો તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કચ્છના ધોરડો જેવા વિશ્વ પ્રવાસન સ્થળોની મુલાકાતે આવતા લાખો પ્રવાસીઓને આ સ્થળોના ઈતિહાસ અને ભવ્ય ગાથા લાઈટ એન્ડ સાઉન્ડ શોના માધ્યમથી માણવા મળે છે. આ લોકાર્પણ અવસરે સામાજિક અગ્રણી સોમભાઈ મોદી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, પ્રવાસન અગ્ર સચિવ ડો. રાજેન્દ્ર કુમાર અને પ્રવાસન નિગમના એમ.ડી, સાંસદ હરિભાઈ તેમજ ધારાસભ્યો અને સ્થાનિક આગેવાનો, વડનગર નગરપાલિકા પ્રમુખ અને પદાધિકારીઓ તેમજ હાટકેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટીઓ, નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પ્રારંભ કરાવ્યો

## ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો પ્રારંભ

ગાંધીનગર

ગુજરાતમાં પ્રથમ વાર યોજાઈ રહેલી ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો આજે ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો.

દેશના વિવિધ રાજ્યોમાંથી આ સ્પર્ધામાં સહભાગી થવા પધારેલા તમામ સ્પર્ધકોનું ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ તરફથી સ્વાગત કરતા ગુજરાત રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે કહ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની આ ભૂમિ પર ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનું આયોજન કરવા બદલ ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ તથા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના વડાશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

વિકાસ સહાયે ઉમેર્યું કે, દેશની અને રાજ્યની આંતરિક સુરક્ષામાં રાજ્ય પોલીસ દળ તેમજ કેન્દ્રીય પોલીસ દળનું યોગદાન સવર્શ્રેષ્ઠ છે. એકબીજાના સંકલન થકી સૌ સાથે મળીને આ જવાબદારી નિભાવી રહ્યા છે તેનું આ પરિણામ છે. રાજ્યો વચ્ચે એકતાની ભાવનાને પ્રોત્સાહિત કરવા ખેલકૂદનું માધ્યમ ખૂબ જ પ્રભાવશાળી છે, ત્યારે યુનિફોર્મ સર્વિસમાં હંમેશા ખેલકૂદને અગ્રીમ સ્થાન આપવામાં આવી રહ્યું છે.

ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના જવાનો વચ્ચે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન દર વર્ષે ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. રમતોને અલગ અલગ ક્લસ્ટરમાં વહેંચીને તેની યજમાની વિવિધ રાજ્યોમાં સ્થિત પોલીસ દળને સોંપીને, આ સ્પર્ધાઓ ભારતભરમાં યોજવામાં આવે છે.

આ વર્ષે એક્વેટિક ક્લસ્ટરની સ્પર્ધાઓનું આયોજન ગુજરાતમાં કરવામાં આવ્યું છે. જેની યજમાની ગુજરાત યુનિટ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ગુજરાત યુનિટ કરી રહ્યું છે. આ સ્પર્ધામાં આંદામાન નિકોબાર પોલીસ, આંધ્રપ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીકયોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ- કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન,તમિલનાડુ, ઉત્તરાખંડ, પશ્રિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૭૦૪ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. આ સમારોહમાં સી.આર.પી.એફ સ્પે. ડીજીપી વિતુલકુમાર, સી.આર.પી.એફ સાઉથ ઝોન એડિશનલ ડીજીપી રવિદિપ સિંઘ શાહી, **I.B** એડિશનલ ડી.જી.પી રાજીવ આહીર, ગુજરાતના એડિશનલ ડી.જી.પી શ્રી શ્રી રાજુ ભાર્ગવ, વેસ્ટર્ન સેકટર સી,આર.પી.એફ વિરેન્દ્ર અગ્રવાલ સહિત મહાનુભાવો તેમજ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના સ્પર્ધક જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રીની કલમે................

# અવકાશી પરીનો પૃથ્વી પ્રવેશ

આખરે નવ મહિના બાદ અમેરિકન અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર અવકાશમાંથી ધરતી પર બુધવારે ભારતીય સમય પ્રમાણે વહેલી સવારે ત્રણ વાગીને ૨૭ મિનિટે પાછા ફર્યા છે. ફ્લોરિડાના દરિયાકાંઠા નજીક તેમનું લેન્ડિંગ થયું. આમ તો એક અઠવાડિયાંમાં જ વિલિયમ્સ અને વિલ્મોર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ) પરથી પાછા આવી જવાના હતા, પણ તેમને અવકાશમાં લઈ જનાર બોઈંગનું સ્ટારલાઈનર નામના સ્પેસક્રાફ્ટમાં ખામી સર્જાતાં અવકાશવીરોને પાછા લઈ આવવા માટે સલામત રહ્યું નહોતું. નવ મહિના અને ૧૪ દિવસ પછી ૧૭ કલાકનો પ્રવાસ કરી આ અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું ત્યારે તેનું તાપમાન ૧૫૬૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું અને એ દરમિયાન સાતેક મિનિટ સુધી યાન સાથેનો સંદેશવ્યવહાર સદંતર કપાઈ ગયો હતો. જો કે, આ બે એસ્ટ્રોનોટ્સ સાથે નિક હેગ અને એલેક્સાન્ડ્ર ગોર્બુનોવ, જેમણે આંતરરાષ્ટ્રીય અવકાશમથકમાં રહેવાનો પોતાનો સમય પૂરો કરી લીધો હતો, તેઓ પણ સુખરૂપ પરત ફર્યા હતા. કુલ ૨૮૬ દિવસ આઈએસએસ પર રહી પાછા આવેલા બે અવકાશવીરના અભ્યાસ દ્વારા અમેરિકાની અવકાશ સંસ્થા નાસાને ઘણું જાણવા મળશે. એલન મસ્કની અવકાશ સંશોધન કંપની સ્પેસએક્સે મોકલેલી ડ્રેગન કેપ્સ્યુલમાં આ ચારેય અવકાશયાત્રી પાછા ફર્યા હતા. સુનિતા વિલિયમ્સનાં પૃથ્વી પર આગમનને લઈ ગુજરાતમાંના તેમના વતન ઝુલાસણમાં આનંદનો માહોલ છે અને ચાલુ વર્ષે ઓક્ટોબર મહિનામાં સુનિતા વતનની મુલાકાતે આવે એવી શક્યતા છે. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૨૮૬ દિવસ અવકાશમાં રહ્યા, પણ આ સૌથી લાંબોગાળો નથી. અમેરિકા અને રશિયાના અનેક અવકાશવીરો આનાથી વધુ સમય સ્પેસમાં રહી ચૂક્યા છે. જો કે, સુનિતા વિલિયમ્સ આઈએસએસમાં ત્રણ વાર બધું મળી કુલ ૬૦૮ દિવસ અવકાશમાં રહ્યાં છે. ૫૯ વર્ષનાં સુનિતા ૧૯૮૭માં યુ.એસ. નેવીમાં જોડાયાં હતાં અને પછી ઓગસ્ટ, ૧૯૮૮માં એસ્ટ્રોનોટ કેન્ડિડેટ ટ્રાનિંગની શરૂઆત કરી હતી. અવકાશમાં રહી અનેક વિક્રમો તથા સિદ્ધિઓ પોતાનાં નામે કરનારાં સુનિતા વિલિયમ્સે ભારત અને અમેરિકા બંનેને ગર્વની ક્ષણો આપી છે. અવકાશમાં મનુષ્ય લાંબા સમય સુધી રહે તો તેના શરીર પર કેવી અસર થાય છે, એનો અભ્યાસ કરવાની તક આ બંનેના પાછા આવવાથી નાસાને મળવાની છે, જે ભવિષ્ય માટે ઉપયોગી સાબિત થઈ શકે છે, કેમ કે, તેમને અપાતાં પ્રશિક્ષણમાં આટલા લાંબા સમય સુધી અવકાશમાં રહેવાની ટ્રાનિંગનો સમાવેશ હોતો નથી, આથી તેમના શરીર પર આ લાંબા મુકામની કેવી અસર થઈ છે, એના અભ્યાસ દ્વારા નાસાને ઘણું જાણવા મળી શકે છે. નાસા તથા અન્ય અવકાશ સંસ્થાઓ ચંદ્ર પર કાયમી મથક બનાવવા માગે છે અને આના માટે ત્યાં લાંબા સમય સુધી રહેવાની જરૂર પડશે. ભૂતકાળમાં હાથ ધરાયેલા અભ્યાસોમાં સ્પષ્ટ થયું છે કે, પૃથ્વીની સરખામણીએ અવકાશમાં હાડકાંની ઘનતા અને સ્નાયુઓની ગુણવત્તામાં બહુ ઝડપી ઘટાડો થાય છે. વળી, નીચા ગુરુત્વાકર્ષણને કારણે મગજમાંના પ્રવાહી પર પણ અસર પડે છે તથા હૃદયરોગની સમસ્યા પણ સર્જાઈ શકે છે. આ બધી બાબતો પરના અભ્યાસમાં આ બંને અવકાશવીર મદદરૂપ થઈ શકશે.

### હ્યુમન ટ્રાફિકિંગના સૌથી મોટા નેટવર્કનો પર્દાફાશ

# ગુજરાતમાં દલાલોએ બાંગ્લાદેશી સગીરાઓને દેહ વેપાર માટે વેચી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

૧૩ વર્ષની બાંગ્લાદેશી સગીરાનું અપહરણ કરીને દેહ વેપારમાં ધકેલવાના કેસમાં રાજકોટના પીઆઈએ સગીરાને સલામત છોડવી. છેલ્લા ૨ વર્ષથી સગીરાને શારીરિક શોષણ કરીને વેચી નાંખવાના રેકેટનો પર્દાફાશ થયો. મહિલા પોલીસના AHTU માં હ્યુમન ટ્રાફિકિંગને લઈને ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં બાંગ્લાદેશથી હ્યુમન ટ્રાફિકિંગનો નેટવર્કનો મોટો ખુલાસો સામે આવ્યો છે. રાજકોટના એક પીઆઈએ એક સગીરાને દેહ વ્યાપારના ધંધામાંથી સલામત છોડાવતા સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થયો છે. ઘટનાની વાત કરીએ, તો ૧૧ વર્ષની ઉંમરની સગીર બાળકીનું બાંગ્લાદેશથી નિઝામ અને હસીના નામના આ બન્ને આરોપીઓએ સગીરાને ચોકલેટ આપવાના બહાને ફોસલાવી લાવીને અપહરણ કર્યું હતું. ત્યાર બાદ બાંગ્લાદેશથી જંગલ મારફતે કોલકાત્તા અને ત્યાંથી અમદાવાદના ચાંદલોડિયામાં લાવ્યા હતા. આ સગીરાને નિઝામ અને હસીના એ નારોલમાં રહેતા સુલોતા સિંગ નામની મહિનાને રૂપિયા ૪૦ હજારમાં વેચી દીધી હતી.

તો બીજી તરફ, ગુમ સગીરાને લઈને બાંગ્લાદેશમાં અપહરણની ફરિયાદ દાખલ થઈ હતી. આ દરમિયાન બાંગ્લાદેશની એક એનજીઓએ દિલ્હીના ફ્રીડમ એનજીઓને બાળકી અંગે માહિતી આપી હતી. જે ફ્રીડમ એનજીઓ સગીરાને શોધવા માટે દિલ્હી, મુંબઈ અને અમદાવાદ પોલીસને અરજી કરી હતી. જેની અમદાવાદ AHTU દ્વારા તપાસ ચાલી રહી હતી. જે અરજી આધારે સગીરાને શોધવામાં અમદાવાદ પોલીસને સફળતા મળી છે.

હ્યુમન ટ્રાફિકિંગના નેટવર્કનો પર્દાફાશ રાજકોટના ફરજ બજાવતા પીઆઈ જી.આર. ચૌહાણે કર્યો છે. પીઆઈ જી.આર. ચૌહાણ અગાઉ મહિલા પોલીસના AHTU માં ફરજ બજાવતા હતા. તે દરમિયાન એન.જી. ઓ દ્વારા સગીરા ના ગુમ થવાની કરાયેલી અરજી ની તપાસ આર.જી.ચૌહાણ કરી રહ્યા હતા. પરંતુ થોડા સમય પહેલા રાજકોટ ખાતે બદલી થઈ હતી. જેથી સગીરાની તપાસ અટકી હતી મહત્વનું છે કે બે દિવસ પહેલા ગુમ થયેલી સગીરાની માહિતી પીઆઈ ચૌહાણને આપી હતી. જેથી પીઆઈએ રાજકોટથી અમદાવાદ નારોલમાં સગીરાને શોધીને આ રેકટનો પર્દાફાશ કર્યો હતો. બાંગ્લાદેશથી અમદાવાદમાં હ્યુમન ટ્રાફિકિંગ કેસમાં મહિલા પોલીસે AHTU માં પાંચ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં પોક્સો, બળાત્કાર અને હ્યુમન ટ્રાફિકિંગને લઈને ગુનો નોંધી સગીરા ખરીદનાર મહિલા સુલોતાસિંગની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ત્યારે આ હ્યુમન ટ્રાફિકિંગના નેટવર્કમાં મોટો ખુલાસો થયો છે. બાંગ્લાદેશની સગીરાઓનો સોદો કરીને ગુજરાતમાં લાવવામા આવે છે. કહેવાય છે કે, દલાલોએ બાંગ્લાદેશની ૫૦ જેટલી સગીરાઓને ગુજરાતમાં દેહવિક્રયના ચક્રમાં ફસાવી છે. જેમાં સગીરાનો સોદો કરનાર ગેંગ દ્વારા બાંગ્લાદેશથી ૫૦ જેટલી સગીરાઓનું અપહરણ તેને કરીને ગુજરાતમાં લાવીને દેહવિક્રયના કાળા ધંધામાં ધકેલી છે. આ ઉપરાંત, જેમાં ચાંદલોડિયામાં વિસ્તારમાં સગીરાને છુપાવનાર આરોપીઓ અંગે પણ શોધખોળ શરૂ કરવામાં આવી રહી છે.

## ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો સતત વધી શકે છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

ગુજરાતમાં માર્ચ મહિનો પુરો થવાના આરે છે અને એપ્રિલ મહિનાની શરૂઆત થવાની તૈયારી છે. ત્યારે હવે સૂર્યદેવ તપી રહ્યાં છે. હવામાન વિભાગે ગુજરાતવાસીઓને હજુ આકરા તાપમાં તપવા માટે તૈયાર રહેવા સૂચન કર્યુ છે. એટલે કે, આગામી દિવસોમાં રાજ્યમાં ગરમીનો પારો વધુ ઉપર જઈ શકે છે.

હવામાન વિભાગ અનુસાર, ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો સતત વધી શકે છે. રાજ્યમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો હવામાન વિભાગે આગાહી કરી છે. મહત્તમ તાપમાનમાં વધારો થતા ગરમી જોર પકડશે. તાજા અપડેટની વાત કરીએ તો, રાજકોટ અને ભૂજમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો, આ શનિવારે સાત શહેરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યો હોવાનું નોંધાયું હતું.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૨૫ વર્ષમાં ફેબ્રુઆરીમાં આટલી ભારે ગરમી કયારેય જોવા મળી નથી. તાજેતરના વર્ષોમાં, ગરમીના મોજા ફક્ત વહેલા જ નથી આવી રહ્યા, પરંતુ તેમની તીવ્રતા પણ વધી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન, ભારતના ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતા ત્રણ થી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ૧૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન, દેશના ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા એક દિવસ માટે રાત્રિનું તાપમાન સામાન્ય કરતા વધારે નોંધાયું હતું. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે માર્ચ મહિનામાં ગુજરાતનું વાતાવરણ બદલાતું રહે તેવી શક્યતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ૨૦ એપ્રિલથી ગરમી વધુ ગરમી પડવાની શક્યતા છે.

૨૬ મે સુધી આંધી વંટોળની શક્યતા દેખાઈ રહી છે. તો આ વર્ષે અમદાવાદ, વડોદરા, પંચમહાલમાં આકરી ગરમીની શક્યતા તેમણે દર્શાવી છે.

# ૧૦૦ દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાનમાં ગુજરાત અગ્રેસર

ગાંધીનગર

ગુજરાતને ૨૦૨૪માં ૧,૪૫,૦૦૦ ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેની સાપેક્ષમાં ૧,૩૭,૯૨૯ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી કરવામાં આવી હતી. આ સાથે જ ૧,૨૪,૫૮૧ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ હતી, જેથી સારવાર પૂર્ણ થવાનો દર ૯૦.૫૨% નોંધાયો હતો. આ ઉપરાંત, નોંધાયેલા ટીબી દર્દીઓમાંથી ૧,૩૧,૫૦૧ દર્દીઓને પણ સારવારની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

ટીબીના દર્દીઓ તેમની નિયમિત સારવાર કરાવવા માટે પ્રેરાય અને પૈસાના અભાવે તેમની સારવારમાં કોઈ મુશ્કેલી ન આવે તે માટે ગુજરાત સરકાર દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દવાના ખર્ચ માટે ટીબીના દર્દી દીઠ રૂ. ૫૦૦ની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૪માં ૧,૧૮,૯૮૪ ટીબીના દર્દીઓને રૂ.૪૩.૯ કરોડની સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ટીબીના દર્દીઓને આપવામાં આવતી આ આર્થિક સહાયને કેન્દ્ર સરકારે ૧ નવેમ્બર ૨૦૨૪થી વધારીને રૂ.૧૦૦૦ કરી છે.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ગુજરાતે નિક્ષય પોર્ટલ પર ૧૦,૬૮૨ નિક્ષય મિત્રોની નોંધણી કરી અને તેમના માધ્યમથી ૩,૪૯,૫૩૪ પોષણ કિટનું વિતરણ કર્યું. રાજ્ય સરકારની આ પહેલ ટીબીના દર્દીઓને માત્ર દવાઓ જ નહીં, યોગ્ય પોષણ પણ મળે તે સુનિશ્ચિત કરે છે. આ ક્ષેત્રમાં ગુજરાત સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે.

ટીબીના કેસોની વહેલી તકે તપાસ અને સારવાર માટે ભારત સરકારે ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ "૧૦૦-દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન" શરૂ કર્યું છે. ગુજરાતે આ અભિયાન હેઠળ અત્યારસુધીમાં ૧૬ જિલ્લાઓ અને ૪ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ કર્યો છે. ૨૦ માર્ચ ૨૦૨૫ સુધીમાં આ અભિયાન હેઠળ ૩૫.૭૫ લાખ લોકોનું ટીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ વ્યાપક પરીક્ષણના પરિણામે, ૧૬,૭૫૮ નવા ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની સારવાર પણ શરૂ કરવામાં આવી છે.રાજ્યના તમામ ટીબી દર્દીઓને સારવાર દરમિયાન દર મહિને પોષણ કિટ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે તાજેતરમાં ૬ માર્ચ ૨૦૨૫ના રોજ લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત ટીબીના દર્દીઓને દત્તક લઈને તેમને ન્યુટ્રિશન સપોર્ટ પ્રદાન કરવામાં આવશે.

# વન બહારના વિસ્તારોમાં ૧,૧૪૩ ચો.કિ.મી.ના વન આવરણ વધારા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને : વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર

વન બહારના વિસ્તારોમાં ૧૧૪૩ ચો.કિ.ના વન આવરણ વધારા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫માં વન અને પર્યાવરણ વિભાગનું બજેટ જે રૂ.૨,૫૮૬ કરોડ હતું જે આ વર્ષે ૨૦ ટકા વધારીને રૂ.૩,૧૩૯ કરોડ કરાયું છે, આ અત્યાર સુધીનું આ ઐતિહાસિક બજેટ છે, તેમ વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈએ કહ્યું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ "એક પેડ માં કે નામ"ને દેશભરમાં ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. આ પહેલ અંતર્ગત રાજયએ ૧૭ કરોડ ઉપરાંત રોપાઓનું વાવેતર કરી નિયત સમય પૂર્વે લક્ષ્યાંક હાંસલ કર્યો છે. વડાપ્રધાનશ્રીની આ અપિલને ગુજરાતના લોકોએ વધાવીને વૃક્ષારોપણમાં અનેરૂ પ્રદાન આપ્યું છે.

એશિયાઈ સાવજ એ ગુજરાતનું ઘરેણું છે. જેની વસ્તી અને વ્યાપમાં નિરંતર વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૦ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૬૭૪ સિંહો વસવાટ કરે છે. ઉપરાંત, અગાઉ વર્ષો પૂર્વે જ્યાં સિંહોનો વસવાટ હતો તેવા બરડા વિસ્તારમાં સિંહોનો પુનઃવસવાટ કરવામાં સફળતા મળી છે.ગીર જંગલ સફારીની જેમ ચાલુ વર્ષે બરડા, જાંબુઘોડા, રતનમહાલ તથા શુલપાણેશ્વર ખાતે ઓપન જંગલ સફારી શરૂ કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે,રાજ્યમાં આવેલા ૨૪ અભયારણ્ય અને ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો તથા ૧ કન્ઝર્વેશન રીઝર્વ વિસ્તારની જાળવણી માટે તથા ઇકો ટુરીઝમનો વિકાસ અને ખાસ કરીને બૃહદ ગીર વિસ્તારમાં સિંહના સંરક્ષણ અને સંવર્ધન કરવા હેતુ પ્રોજેક્ટ લાયન સહિત કુલ રૂ. ૪૧૫. ૬૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.કચ્છના નાનારણમાં જોવા મળતા ઘુડખરની વસ્તી ૭૨૦થી વધીને વર્ષ ૨૦૨૪ની ગણતરી મુજબ ૭૬૭૨ થઈ છે.

વધુમાં રાજ્ય સરકાર દ્વારા હિંસક પ્રાણીઓના હુમલાથી મૃત્યુના કેસમાં દસ લાખ અને ઇજાના કેસમાં બે લાખ એટલે કે અગાઉ અપાતા વળતરને બમણું કરવામાં આવ્યું છે. કરૂણા અભિયાન અંતર્ગત છેલ્લા ચાર વર્ષમાં ૫૩ હજાર કરતા વધુ પક્ષીઓનું સફળ રેસ્ક્યુ કરેલ છે. આ વર્ષે પણ ૧૫,૫૭૨ પક્ષીઓનું સફળ રેસ્ક્યુ કરેલ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સિંહોના લાંબાગાળાના સંરક્ષણ હેતુ અદ્યતન સુવિધાવાળી હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર જૂનાગઢ ખાતે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા વર્ચ્યુઅલ રીતે ખાતમુહર્ત કરવામાં આવેલ છે.

વનોનું સંવર્ધન અને સંરક્ષણ કરવા વન વિસ્તારમાં ૪૯,૦૦૦ હેકટર અને વન બહારના વિસ્તારમાં ૩૯,૦૦૦ હેકટરમાં વાવેતર કરવાનું આયોજન છે.

તેમણે કહ્યું કે, રાજ્ય સરકારના સામાજિક વનીકરણ અંગે ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૩ના રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્યમાં વન બહારના વિસ્તારોમાં ૧૧૪૩.૨૯ ચો.કી.મી.ના વન આવરણ વધારા સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. સાથે સાથે વન વિસ્તારમાં પણ ૯૦.૭૭ ચો.કી.મી.નો વન આવરણમાં વધારો નોંધાયેલ છે.

આ ઉપરાંત એગ્રો ફોરેસ્ટ્રી હેઠળ છેલ્લા બે વર્ષમાં ૪૬,૦૦૦ હેકટરમાં ખેડૂતલક્ષી વાવેતર કરવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષથી બમણું વાવેતર કરવામાં આવી રહેલ છે. હવે ૩૫૦૦૦ હેકટરમાં વાવેતર કરવાનું આયોજન છે. અર્બન ફોરેસ્ટ હેઠળ શહેરી વિસ્તાર, પવિત્ર યાત્રાધામ અને પ્રવાસન વિસ્તારોમાં સુશોભિત રોપાઓનું વાવેતર કરવામાં આવે છે.

વનોની વીડીમાંથી ઉત્પાદિત થતા ઘાસનો પુરતો જથ્થો સુનિશ્ચિત કરવામાં આવે છે. ૩૭૦ જેટલા ઘાસ ગોડાઉનોમાં ૫૦૦ લાખ કિલોગ્રામ ઘાસનો જથ્થો સંગ્રહિત કરવામાં આવેલ છે. તે ઉપરાંતનું ઉત્પાદિત થયેલ ઘાસ સ્થાનિક લોકોને વિના મૂલ્યે કાપી લઈ જવાની છુટ આપવામાં આવી છે.

મંત્રીશ્રીએ વધુ માહિતી આપતાં કહ્યું હતું કે,વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલ મિષ્ટી-કાર્યક્રમ હેઠળ ભારત સરકાર દ્વારા ૫ વર્ષમાં આશરે ૫૪૦ ચોરસ કિ.મી.માં ચેર વાવેતરનો લક્ષ્યાંક રાખવામાં આવેલ જેની સામે રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૧૯૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં વાવેતર પૂર્ણ કરેલ છે. મિષ્ટી કાર્યક્રમ હેઠળ ચાલુ વર્ષે કચ્છમાં સરક્રીક, કોરીક્રીક અને પડાલા બેટ સહિત કુલ ૧૧,૯૩૦ હેકટર વિસ્તારમાં મેન્ગ્રુવ વાવેતર કરી ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે રહ્યુ છે. હવે ૧૫૦૦૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રુવનું વાવેતર કરવાનું આયોજન છે.

તેમણે કહ્યું કે, મિશન ગતિશક્તિ હેઠળ ઇકો-રીસ્ટોરેશનથી સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ વિંધ્ય, અરવલ્લી અને સાતપુડા ગિરિમાળા તેમજ અંબાજીથી ધરોઈ વિસ્તારમાં ઘનિષ્ઠ વનીકરણ કરી હરિયાળુ અને લીલુંછમ બનાવવા માટે આયોજન છે. વન વિભાગ દ્વારા વાંસ સુધારણાની કામગીરીથી સ્થાનિક લોકોને રોજગારીલક્ષી તાલીમ આપવામાં આવે છે તેમજ વનબંધુઓને ઉપયોગ માટે છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૬૦ કરોડથી વધુના વાંસ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી છે. વધુમાં વનોના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે રૂ.૬૫૫.૦૭ કરોડની જોગવાઈ તેમજ વન વિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજીક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ. ૫૬૩.૨૮ કરોડની જોગવાઈ કરેલ છે.

તેમણે કહ્યું કે,જાપાનના જાયકા દ્વારા સહાયિત પ્રોજેક્ટ અંતર્ગત અલગ અલગ કામગીરી માટે રૂ. ૨૨૪.૯૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

વળતર વનીકરણ કેમ્પા હેઠળ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ માટે રૂ. ૩૭૨.૦૯ કરોડની જોગવાઈ કરી છે.

મંત્રીએ કહ્યું હતું કે, વન અને પર્યાવરણ વિભાગની નવી બાબતો અન્વયે કુલ રૂ. ૫૦૪.૫૩ કરોડની જોગવાઈ કરાઈ છે.

રાજ્યમાં વન કવચ હેઠળ વૃક્ષારોપણમાં ખૂબ જ સારી સફળતા મળેલ છે જે અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૩૦૦ હેકટરમાં (વન કવચ) વાવેતર કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૨૦૦ હેકટર વિસ્તારમાં વાવેતર કરવા રૂ.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં શહેરી વિસ્તારો માટે પણ વિશેષ આયોજન રાખવામાં આવેલ છે.

ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં માધ્યમથી એકીકૃત વન સંરક્ષણ,વન્યપ્રાણી સંવર્ધન અને પર્યાવરણ જાળવણી માટે રીયલ ટાઈમ મોનીટરીંગ કેન્દ્રની સ્થાપના કરવા માટે રૂ. ૪૦ કરોડની જોગવાઈ કરી છે.

'મિષ્ટી' કાર્યક્રમ અંતર્ગત પડાલા બેટ અને કોરીક્રીક વિસ્તારમા મેન્ગ્રુવ ડાયવર્સીટી વધારવા અને પ્રવાસન વિસ્તાર તરીકે વિકસાવવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ કરેલ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે,વન અને વન્યપ્રાણી રક્ષિત વિસ્તારમાં સહભાગી વન વ્યવસ્થા મારફતે સ્થાનિક લોકોને તાલીમ આપી વન અને વન્યપ્રાણીઓનું રક્ષણ કરવાની સાથે સ્થાનિક લોકોને રોજગારી માટે રૂ. ૬.૨૦ કરોડની જોગવાઈ કરી છે.

ઇકો સેન્સેટીવ ઝોનમાં આવરી લેવામાં આવેલ વસાહતોમાં વિવિધ વિકાસલક્ષી પ્રવૃતિઓ હાથ ધરી ઇકો ડેવલોપમેન્ટની કામગીરી માટે રૂ. ૭.૯૭ કરોડની જોગવાઈ કરેલ છે.

બરડા ખાતે એશિયાઇ સિંહોનું બીજુ રહેઠાણ બનવા જઈ રહ્યુ છે ત્યારે બરડા ખાતેના માલધારી કુટુંબોના પુનઃવસવાટ માટે રૂ. એક કરોડની જોગવાઇ કરેલ છે.

કચ્છ વિસ્તારના ચાડવા રખાલ ખાતે હેણોતરો પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધન માટે કેપ્ટિવ બ્રીડીંગ સેન્ટર અને કેર સેન્ટરની સ્થાપના માટે રૂ.૫ કરોડની જોગવાઈ કરી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠાના ડીસા ખાતે ડેઝર્ટ થીમ આધારીત એશિયાનું પ્રથમ પ્રાણી સંગ્રહાલય બનાવવાના આયોજન માટે રૂ. બે કરોડની જોગવાઈ કરેલ છે. હરીત વન પથ યોજના હેઠળ વૃક્ષાવરણમાં વૃદ્ધિ માટે લોક ભાગીદારીથી રોડ સાઇડ અને અન્ય જગ્યાઓમાં ૨૦ લાખ પૈકી મોટા રોપા, ટ્રી ગાર્ડ સાથે વાવેતર કરવા માટે નેવું કરોડની જોગવાઈ કરેલ છે.

કેવડીયા ખાતે ફોરેસ્ટ મ્યુઝિયમ માટે રૂ. ૫ કરોડની જોગવાઈ કરેલ છે.સામાજિક વનીકરણ હેઠળ ખાતાની નર્સરીઓમાં ૭૬ લાખ જેટલા મોટા રોપાઓ તૈયાર કરવા માટે રૂ. ૩૮ કરોડની જોગવાઈ કરેલ છે.

ચાલુ વર્ષે હરિત વનપથ યોજના હેઠળ કુલ ૨૫૦ કિ.મી. લાંબા રસ્તાની બન્ને બાજુમાં ૫૦,૦૦૦ મોટા રોપાઓ રોપવામાં આવ્યા છે અને હવે અમદાવાદ થી કેવડીયા સુધીના આશરે ૨૦૦ કિ.મી. રસ્તાની બન્ને બાજુ ગીચ વાવેતર કરવા માટે હરિત વન પથ યોજના હેઠળ રૂ. ૮.૮૦ કરોડની જોગવાઈ કરી છે.

તેમણે કહ્યું કે, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર હસ્તકના ઇન્દ્રોડા પાર્ક ખાતે વોક ઇન એવીયરી અને મગર, કાચબા જેવા વિવિધ સરીસૃપ જીવોના અલગ વિભાગનું નિર્માણ તથા લાયન સફારીના નિર્માણ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરેલ છે.ઉના ખાતે ટ્રાંઝીસ્ટ હોસ્ટેલના નિર્માણ માટે રૂ. બે કરોડની જોગવાઈ કરેલ છે. વધુમાં ગીરનાર, અંબાજી, પાવાગઢ અને નર્મદા નદી જેવા તીર્થ સ્થળોએ થતી પરિક્રમાને પ્લાસ્ટિક મુક્ત બનાવવા તેમજ યાત્રાળુઓને સુવિધાઓ પુરી પાડવા સ્વચ્છ તીર્થધામ પરિક્રમા માટે રૂ. ૩.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં લઘુ ઉદ્યોગોની સંખ્યા મહત્તમ હોઈ ઔદ્યોગિક ગંદા પાણીના નિયંત્રણ માટે માળખાકીય સુવિધાઓ પર ભાર આપવામાં આવે છે. જેમાં સંયુક્ત શુદ્ધિકરણ માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. રાજ્યમાં આશરે ૮૮ કરોડ લીટર જેટલી ક્ષમતાવાળા ઔદ્યોગિક ગંદા પાણીના સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટ (સીઇટીપી) આવેલા છે. આ બાબતે ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જ્યારે ઔદ્યોગિક ગંદા પાણીની સાથે સાથે ઘરગથ્થુ ગંદુ પાણી પણ સારી રીતે શુદ્ધિકરણ થાય છે. આ બાબતે છેલ્લા બે વર્ષમાં સંખ્યાબંધ નવા એસ.ટી.પી. બનાવવામાં આવેલ છે. રાજ્ય દ્વારા એસટીપી તથા ઘરગથ્થુ ઘન કચરાના નિકાલ માટે રૂ. ૨૧૦૦ કરોડ જેટલી માતબર રકમ રીંગફેન્સ એકાઉન્ટમાં અલાયદી રાખી છે. જે આ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

મુખ્યમંત્રીશ્રીની દિર્ઘદ્રષ્ટીને લીધે ટ્રીટેડ સિવેજનો ઉદ્યોગ તથા ખેતીમાં ઉપયોગ થાય તે માટે પણ કામગીરી ચાલી રહી છે અને આશરે ૧૫૦ કરોડ લીટર જેટલા શુધ્ધ કરેલ સુવેઝ આગામી વર્ષોમાં ઉદ્યોગ કે ખેતીમાં વાપરવાનું આયોજન છે.

તેમણે કહ્યું કે, ઔદ્યોગિક ઘન કચરાના વ્યવસ્થાપન અને નિકાલ અંગે પણ રાજ્ય સરકારે અનેક નવતર અભિગમો દ્વારા કાર્ય કર્યુ છે. ગુજરાતે દેશને કો-પ્રોસેસીંગના ખ્યાલ થકી "કચરામાંથી કંચન" જેવો અભિગમ આપેલ છે. કેમીકલ, પેપર વિગેરે ઉદ્યોગમાંથી ઉત્પન્ન થતો ઘનકચરો સિમેન્ટ જેવા ઉદ્યોગોમાં રો-મટીરીયલ અને બળતણ તરીકે વાપરવામાં પણ રાજ્ય દેશભરમાં અગ્રેસર છે.

તેમણે કહ્યું કે,પર્યાવરણ અંગે સતત મંથન કરતા આપણા વડાપ્રધાનશ્રીએ ત્રણ શબ્દો આપ્યા છે; રીસાઈકલ, રીડ્યુસ અને રીયુઝ. રાજ્યમાં સરક્યુલર ઈકોનોમીને વેગ મળે તે હેતુ થી ઔદ્યોગિક ઘનકચરાના પુનઃ વપરાશ માટે રાજ્યમાં ઘનકચરાના પ્રકાર પ્રમાણે અને ઉદ્યોગ પ્રમાણે વૈવિધ્યપૂર્ણ એવી અનેક એસ.ઓ.પી. તૈયાર કરવામાં આવેલી છે. તેમણે કહ્યું કે,જોખમી ઘનકચરાનું પરિવહન પણ ખૂબ સારી રીતે થાય અને તેનું સતત મોનીટરીંગ થાય તે માટે રાજ્ય દ્વારા ઓનલાઇન મેનીફેસ્ટ સીસ્ટમ તથા વ્હીકલ લોકેશન ટ્રેકીંગ સીસ્ટમ વિકસિત કરવામાં આવેલ છે. ગુજરાત આવી સુવિધા ધરાવતુ દેશનું પ્રથમ રાજ્ય છે. જે માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સ્કોચ એવોર્ડ જેવો પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્તથયો છે.

# ગીર સોમનાથ જિલ્લાના ૩૨૯માંથી ૧૪૮ ગામડા ટી.બી. મુક્ત



ગીર સોમનાથ

એક સમયે કોરોના જેવી મહામારી જાહેર થયેલી ટ્યુબરક્યુલોસિસ(ટી.બી.) સામે ગીર સોમનાથ જિલ્લા પંચાયતના જિલ્લા ક્ષય અધિકારીની કચેરીએ સિધ્ધિ હાંસલ કરી છે. ગીર સોમનાથ શહેર– જિલ્લામાં ટી.બી.ના કેસની રિકવરીમાં સફળતા મેળવી છે. વર્ષ ૨૦૨૪માં ગીર સોમનાથ જિલ્લાના ૩૨૯ ગામમાંથી ૧૪૮ ગામ ટી.બી. મુક્ત જાહેર કરવામાં આવ્યાં છે.

જિલ્લા ક્ષય અધિકારી ડો.શીતલ રામે જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકરના માર્ગદર્શન હેઠળ ગીર સોમનાથ જિલ્લાને ટી.બી. મુક્ત કરવા માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.વર્ષ ૨૦૨૩માં ૩૧ ગ્રામ પંચાયત ટી.બી. મુક્ત જાહેર થઇ હતી. કલેક્ટરશ્રીની સૂચના મુજબ આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ગામડે ગામડે લોકોને સમજૂત કર્યા હતાં. આથી વર્ષ ૨૦૨૪માં ૧૪૮ ગ્રામ પંચાયત ટી.બી. મુક્ત બની છે.

એક્શન પ્લાન મુજબ એક ગામમાં ૧૦૦૦ની વસ્તીએ એક વર્ષમાં ૩૦ કે તેથી વધુ શંકાસ્પદ દર્દીને શોધી તેનું નિદાન થાય છે. ત્યારબાદ ૧૦૦૦ની વસ્તીએ વર્ષમાં ઓછામાં ઓછા એક કેસનું નિદાન થાય તે પછી ગત વર્ષની સારવાર સફળતા દર ૮૫ ટકાથી વધુ હોય, ટી.બી.ના તમામ દર્દીઓની દવાની અસરકર્તાની ચકાસણી ઓછામાં ઓછી ૬૦ ટકા સિધ્ધી, નિક્ષય પોષણ યોજનાનો પ્રથમ હપ્તો ૧૦૦ ટકા મળેલ હોય તેવા માપદંડ બનાવી ગ્રામ પંચાયતોને ટીબી મુક્ત જાહેર કરવામાં આવે છે. આ માટે આરોગ્ય વિભાગની ટીમો ગ્રામ પંચાયતના સહકારથી ગામડે ગામડે જઇ રોગ નાબુદી માટે પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે.ગીર સોમનાથ જિલ્લામાં કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪માં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ-૩૩, સુત્રાપાડા-૧૯, તાલાલા-૩૩, કોડિનાર-૧૩, ઉના-૨૮, ગીર ગઢડા-૨૨ સહિત કુલ ૧૪૮ ગ્રામ પંચાયતોને ટી.બી. મુક્ત જાહેર કરવામાં આવ્યાં છે.ટી.બી. બેક્ટેરીયમ માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસિસના કારણે થાય છે. સુક્ષ્મજંતુઓ હવા દ્વારા ફેલાય છે અને સામાન્ય રીતે ફેફસાને ચેપ લગાડે છે. જે શરીરના અન્ય ભાગોને પણ ચેપ લગાવી શકે છે. જ્યારે સક્રિય ટી.બી. રોગ ધરાવતી વ્યક્તિ ઉધરસ, છીંક, તાવ, ગાવા અથવા હસવા દ્વારા હવામાં જંતુઓ છોડે છે ત્યારે ટી.બી. ફેલાય છે. માત્ર સક્રિય પલ્મોનરી ચેપ ધરાવતા લોકો ચેપી છે. મોટા ભાગના લોકો જેઓ ટી.બી.ના બેક્ટેરિયામાં શ્વાસ લે છે તેઓ બેક્ટરિયા સામે લડવામાં સક્ષમ છે અને તેને વધતા અટકાવે છે. આ વ્યક્તિઓમાં બેક્ટેરિયમ નિષ્ક્રિય થઇ જાય છે. જેના કારણે સુપ્ત ટી.બી. ચેપ લાગે છે.

ટ્યુબરક્યુલોસિસ એ ચેપી રોગ છે જે ફેફસા, અન્ય પેશીઓમાં પ્રસરે છે. એટલુ જ નહી કરોડરજ્જુ, મગજ અથવા કિડની જેવા અન્ય અવયવોને પણ અસર કરી શકે છે. ટી.બી.થી સંક્રમિત દરેક જણ બિમાર થતા નથી, ટી.બી.ના ત્રણ તબક્કા છે તેમાં પ્રાથમિક ચેપ, બીજો તબક્કામાં સુપ્ત ટી.બી. ચેપમાં દર્દી બેક્ટેરિયમથી ચેપગ્રસ્ત છે. પરંતુ લક્ષણો નથી, તો તમને નિષ્ક્રિય ક્ષય રોગ અથવા સુપ્ત ક્ષય રોગ કહેવાય છે અને સક્રિય ટીબી રોગના દર્દીને એવુ લાગે કે ટી.બી. દૂર થઇ ગયો છે, પરંતુ તેના જીવાણુ શરીરની અંદર સુષુપ્ત અવસ્થામાં હોય છે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પો. ૧૦ કરોડના ખર્ચે ગટર સફાઇના ૮ મશીન ખરીદશે

અમદાવાદ

અમદાવાદ શહેરના વિસ્તરણ અને વિકાસની સાથે સાથે પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં ઊણાં ઉતરેલાં મ્યુનિ. ઇજનેર ખાતા દ્વારા ગટર સફાઇના નામે વર્ષે કરોડો રૂપિયાનુ આંધણ કરવામાં આવે છે તે જોઇ ચોંકી ઉઠેલાં કમિશનરે સખત નારાજગી વ્યક્ત કરી હોવા છતાં ૧૦ કરોડના ખર્ચે ગટર સફાઇના આઠ મશીન ખરીદવાની અને તેને ચલાવવા આઠ કરોડ ચૂકવવાની દરખાસ્ત મંજૂર કરી દેવામાં આવી છે.

મ્યુનિ. ઇજનેર ખાતાના જ સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, શહેરના સાતેય ઝોનના ૪૮ વોર્ડમાં ગટર સફાઇના નામે રીતસર લૂંટ જ ચાલે છે અને તેમાંય મ્યુનિ.ના ખર્ચેને જોખમે કરોડો રૂપિયાના ખર્ચે ગટર સફાઇ માટે મશીનો ખરીદીને તેને માનીતા અને રાજકીય વગ ધરાવતાં કોન્ટ્રાક્ટરોને ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સના રૂડારૂપાળા નામ હેઠળ પધરાવી દેવાય છે. જેમને વર્ષે લાખો કરોડો રૂપિયા ચૂકવવામાં આવતાં હોવા છતાં ડ્રેનેજ લાઇનની સમસ્યાઓ ઘટતી નથી અને ઉપરથી મોંઘા ભાવના મશીનના મેઇન્ટેનન્સ પણ યોગ્ય રીતે કરવામાં આવતા નથી તેવા આક્ષેપો હરીફ કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવે છે.સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, અગાઉ ગટર લાઇનોમાં સફાઇ કામદારો ઉતારાતા હતા, પરંતુ સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન બાદ તેની જવાબદારી લેવાને બદલે મ્યુનિ.એ મોટી લાઇનો સાફ કરવા માટે સીસીટીવી સિસ્ટમ આધારિત સફાઇના કોન્ટ્રાક્ટ આપવાના શરૂ કર્યા છે અને તેની પાછળ તો કરોડો રૂપિયાનો ખર્ચો થાય છે, આ કોન્ટ્રાક્ટરો પણ મોટી ગટર લાઇનોમાં અમુક વાર સફાઇ કામદારો ઉતારે છે, પરંતુ તેઓ સંપૂર્ણ સાવચેતી રાખે છે. તેવી સાવચેતી મ્યુનિ. ડ્રેનેજ અને એસટીપી ખાતાના અધિકારી રાખી શકે તેમ છે, તેમ છતાં કોઇને જવાબદારી લેવી નથી અને કંપનીઓને કરોડો રૂપિયા ખટાવીને તેમાંથી પોતાના ભાગના પ્રસાદમાં જ રસ ધરાવે છે.ચોંકાવનારી વાત એ છે કે, ગટર સફાઇના નામે વર્ષે કરોડો રૂપિયાનુ આંધણ કરવામાં આવતુ હોવાનુ કમિશનર બંછાનિધિ પાનીના ધ્યાને આવ્યુ છે, તેથી તેમણે ખાસ તો સીસીટીવી સિસ્ટમના નામે અપાતાં કોન્ટ્રાક્ટની કામગીરી ઉપર ચાંપતી નજર રાખવાની તાકીદ ડે.કમિશનર અને અન્ય અધિકારીઓને કરી છે. તેમ છતાં દરેક ઝોનમાં કોર્પોરેટરો અને ધારાસભ્યોના દબાણના નામે ઇજનેર ખાતા દ્વારા ગટર સફાઇના કોન્ટ્રાક્ટરોને ખટાવવામાં આવી રહ્યાં છે. પૂર્વ ઝોનમાં જ બે ડે.સીટી ઇજનેરના હાથ નીચેના જુદા જુદા વોર્ડમાં સીસીટીવી સિસ્ટમથી ગટર લાઇન સાફ કરાવવા માટે ૧.૮૦ કરોડથી વધુના કામ એક જ કંપનીને આપવામાં આવ્યા છે.

વોટર કમિટીમાં ગટર સફાઇના કામો જોઇને ભાજપના જ એક જાગૃત કોર્પોરેટર દર્શન શાહે ૪૮ વોર્ડમાં ગટર લાઇનો ઉપરના મશીન હોલ સાફ કરવાના કોન્ટ્રાક્ટ કહેવાતી મંડળીઓને આપવામાં આવે છે

તેની સામે શંકા સાથે સવાલ કર્યા હતા. જોકે ચેરમેને આ પ્રકારની કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ કરવામાં આવે તો મશીન હોલ સાફ કરાવવાનું આયોજન કઇ રીતે કરી શકાય તેવી માહિતી સાથે મંડળીઓનું લિસ્ટ કમિટીમાં રજૂ કરવાની સૂચના આપતાં મંડળીઓના નામે કમાણી કરતાં તત્વોમાં ખળભળાટ મચી ગયો છે.

# જહીદુદ્દીન શેખે ટ્રેનના ટોઈલેટમાં સ્પાય કેમેરા લગાવ્યા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

હવે ટ્રેનમાં પણ લોકો માટે સુરક્ષિત ન હોવાનું દેખાઈ રહ્યુ છે તથા રેલ્વેની સુરક્ષાને લઈને સવાલ ઉઠાવે તેવો કિસ્સો પ્રકાશનમાં આવ્યો છે. જેમાં એક શખ્સે ટ્રેનના ટોઈલેટમાં કેમેરો મુક્યો હતો અને કે કોઈ મહિલા આવતી તેને બિભત્સ રીતે નિહાળી રહ્યો હોવાનો કિસ્સો પ્રકાશનમાં આવ્યો છે. આ કેસમાં પોલીસે રેલવે હાઉસકીપિંગ કર્મચારી ઝહિઉદ્દીન શેખની ધરપકડ કરી છે. એવું કહેવાય છે કે આરોપીએ શૌચાલયમાં પાવર બેંક જેવો જાસૂસી કેમેરો લગાવ્યો હતો અને તેના જોડાયેલા વાયરો ડસ્ટબીનની અંદર છુપાવેલા હતા.

હોસ્પિટલો, મસાજ પાર્લરો અને ખાનગી સીસીટીવી કેમેરા હેક થયાના ખુલાસા બાદ હવે ટ્રેનના શૌચાલયમાં ગુપ્ત કેમેરા લગાવીને મહિલાઓના વીડિયો બનાવવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. કે ટ્રેનના શૌચાલયમાં સ્પાય કેમેરા લગાવીને મહિલા મુસાફરોના વીડિયો બનાવવામાં આવ્યા હતા. આ કેસમાં, રેલવે પોલીસે એક હાઉસકીપિંગ સભ્યની ધરપકડ કરી છે. આ કેસમાં થયેલા ખુલાસાઓથી રેલ્વેમાં મહિલા મુસાફરોની ગોપનીયતા અને સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

હોટલના રૂમમાં કે શોપિંગ મોલના ચેન્જિંગરુમમાં કેમેરા ફિટ કર્યા હોવાના ઘણા કિસ્સાઓ સાંભળવામાં આવ્યા છે. પરંતુ ટ્રેનના ટોઈલેટમાં સ્પાય કેમેરો લગાવ્યો હોવાનો આ કદાચ પહેલી ઘટના બની છે. અમદાવાદ રેલ્વે પોલીસે ટ્રેનના ટોયલેટમાં સ્પાય કેમેરા લગાવીને મહિલા મુસાફરોના વીડિયો બનાવવાના આરોપસર ઝહિઉદ્દીન શેખની ધરપકડ કરી છે. આરોપ છે કે તે ટ્રેનના શૌચાલયમાં જાસૂસી કેમેરા લગાવતો હતો અને મહિલાઓના વીડિયો બનાવતો હતો. ૧૬ માર્ચે મુંબઈથી ભગત કી કોઠી જતી ટ્રેનમાં આ ઘટના પ્રકાશમાં આવી. જ્યારે ટ્રેનના ટોયલેટમાંથી એક સ્પાય કેમેરા જપ્ત કરવામાં આવ્યો હતો.

જ્યારે વાયુસેનાનો એક સૈનિક શૌચાલયમાં ગયો ત્યારે તેને શંકા ગઈ કે ત્યાં કેમેરા લાગેલા છે. તેને પાવર બેંક મળી અને તેમાં એક કેમેરો મળ્યો. આ અંગે રેલવે અધિકારીઓને જાણ કર્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હતી અને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી ઝહીરુદ્દીન મુંબઈમાં રહે છે અને ટ્રેનોમાં ઘરકામ કરે છે. રેલવે પોલીસ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેણે કેટલી ટ્રેનોમાં આવા કેમેરા લગાવ્યા છે? તે અલગ અલગ ટ્રેનોમાં કામ કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તે કેમેરા વિડીયો ડેટા ક્યાં સ્ટોર કરતો હતો.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL